## બેન્ક ઓફ બરોડાના અધિકારીઓ સિક્કો માર્યા વગર ચેક મોકલતા 1 કરોડ 58 લાખ નો ચેક રિટર્ન થયો

# નસવાડી તાલુકામાં 481 જેટલા શિક્ષકોનો દિવાળી ટાણે જ પગાર અટવાયો

**ગણતરીના** દિવસોમાં તહેવારો શરૂ થતા હોઇ પરિવાર માટે ખરીદી કેવી રીતે કરવી તે પ્રશ્ન

(પ્રતિનિધિ) નસવાડી, તા.14
નસવાડી તાલુકામાં પ્રાથમિક શિક્ષણ વિભાગ માં ફરજ બજાવતા 481 શિક્ષકો ના પગાર માટે તાલુકા પંચાયત દ્વારા 1 કરોડ 58 લાખ 40 હજાર 692 રૂપિયા નો ચેક શિક્ષકો નો પગાર કરવા માટે તારીખ 7/10/2025 ના રોજ બેંક ઓફ બરોડા ને શિક્ષકો ના ખાતા માં જમા કરાવવા માટે આપવામાં આવ્યો હતો. જ્યારે શિક્ષકો ના ખાતા બેન્ક ઓફ બરોડા માં હોવા થી આ ચેક ક્લિયરિંગ માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા માં આવ્યો હતો પરંતુ બેંક ઓફ બરોડાના અધિકારીઓ દ્વારા જે ચેક ક્લિયરિંગમાં મોકલ્યો હતો તે ચેક ઉપર ક્લિયરિંગ માટે નો સિક્કો મારવાનું ભૂલી જતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ આ ચેક રીટર્ન કરતા શિક્ષણ આલમ માં ખળભળાટ મચી ગયો હતો. જ્યારે દિવાળી ના પર્વ ને ગણતરી ના દિવસો બાકી રહ્યા છે ત્યારે ચેક રીટર્ન થતા શિક્ષકો ની દિવાળી બગડે તેવી સ્થિતિ નું નિર્માણ થયું છે હાલ તો આ બંનેવ બેંકો વચ્ચે તાલમેલ નથી અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ નિયમો અનુસાર ચેક રીટર્ન કર્યો છે. હાલ તો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને બેંક ઓફ બરોડા ના અધિકારીઓ આમને સામને આવી ગયા છે જ્યારે આ બંનેવ બેન્કો નિયમો ને લઈને હાલ તો લડી રહી છે જ્યારે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના મેનેજરે બેંક ઓફ બરોડા ઉપર ખુલ્લો આક્ષેપ કર્યો છે ત્રણ માસ થી બેંક ઓફ બરોડા ના અધિકારીઓ યોગ્ય રીતે ચેક ક્લિયરિંગ માં મોકલતા નથી બેંક ઓફ બરોડા ના અધિકારીઓ મનસ્વી વહીવટ કરી ને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તેવો આક્ષેપ બેંક ઓફ બરોડા સામે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ના મેનેજરે લગાવ્યો છે



### ફરી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં ક્લિયરિંગ માટે ચેક મોકલાશે

અમે નિયમો અનુસાર ચેક ક્લિયરિંગમાં મોકલ્યો હતો પરંતુ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એ ચેક રીટર્ન કર્યો છે હાલ તો શિક્ષકો નો પગાર થાય તે માટે ફરી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં ક્લિયરિંગ માટે ચેક મોકલવામાં આવશે. સંતોષ કુમાર, બેંક ઓફ બરોડા નસવાડી બ્રાન્ચ મેનેજર

### ચેક સિક્કો જ માર્યો ન હતો

બેંક ઓફ બરોડા ના અધિકારીઓ શિક્ષકોના પગાર માટેનો ચેક ક્લિયરિંગ માં મોકલ્યો હતો તે ચેક માં ક્લિયરિંગ નો સિક્કો ચેક ઉપર મારવાનો આવે છે તે સિક્કો મારેલો ના હતો જેના કારણે 1 કરોડ 58 લાખ નો ચેક રિટર્ન કરેલ છે બેંક ઓફ બરોડા ના અધિકારીઓ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ને બદનામ કરવા માટે ત્રણ માસ થી આવી રીતના અધૂરી કામગીરી વાળા ચેકો મોકલે છે જ્યારે બેંક માંથી ચેક મોકલવામાં આવે ત્યારે સંપૂર્ણ પણે ક્લિયરિંગ ના નિયમો નું પાલન કરવાનું રહે છે પરંતુ બેંક ઓફ બરોડા ના અધિકારીઓ મનસ્વી વહીવટ કરી ને સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે **સુનિલકુમાર જી. મીના**, SBI, નસવાડી બ્રાન્ચ મેનેજર

### 400 થી વધુ શિક્ષકોનો પગાર થયો નથી

દિવાળીના સમયે બેંકોની લડાઈમાં અમને સમયસર પગાર મળ્યો નથી બે બેંકો નિયમો ને લઈને લડી રહી છે તેમાં 400 થી વધુ શિક્ષકો નો પગાર થયો નથી 7 તારીખે તાલુકા પંચાયત દ્વારા પગાર નો ચેક જમા કરાવવા માં આવ્યો પરંતુ બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા ની લડાઈ માં ચેક રીટર્ન થયો છે તેમાં ઓછા પગાર માં નોકરી કરતા શિક્ષકો ને કઠિનાઈ ભોગવવી પડશે અમારા બાળકો ને કપડાં લેવા માટે તેમજ દિવાળી વેકેશન માં ઘરે જવા માટે નાણા ની જરૂરિયાત ઉભી થતી હોય છે ત્યારે તેવા સમયે પગાર ના મળે ત્યારે મુશ્કેલી પડે છે. **અલ્પેશ પંડ્યા**, શિક્ષક

## સંક્ષિપ્ત સમાચાર

### બોડેલીની શેઠ એચ એચ શિરોલાવાલા હાઈસ્કૂલમાં વય નિવૃત્તિ કાર્યક્રમ યોજાયો



**બોડેલી :** આ પ્રસંગે શાળા ના આજીવન ટ્રસ્ટી અને પ્રમુખ ભાવેશ શિરોલાવાલા દ્વારા તેઓને સાલ, બુકે, અને સ્મૃતિપત્ર આપી તેઓ નુ સન્માન કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂવાત પ્રાથના અને દીપ પ્રાગત્ય થી કરવામાં આવી. સ્વાગત પ્રવચન શાળા સુપરવાઈઝર મહેશભાઈ ગજ્જર દ્વારા કરવામાં આવ્યું. વયમર્યાદાના કારણે રિટાયર્ડ થતાં બી.એમ.રાઠવા સાહેબ ને શાળા ના સર્વે સ્ટાફ એ દુઃખ ની લાગણી આ તબક્કે વ્યક્ત કરી હતી. ત્યારે સંસ્થા ના પ્રમુખ ભાવેશ શિરોલાવાલા એ તેમના 31 વર્ષના કામગીરી ને બિરદાવી હતી. શાળાના શિક્ષક મિત્રોએ પોત પોતાના મંતવ્ય રજૂ કર્યા હતા જેમાં બી.એમ રાઠવા ની શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કુશળતા ની છણાવટ કરવામાં આવી હતી.

### સંખેડા તાલુકા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત કૃષિ વિકાસ અને રવિ કૃષિ મહોત્સવ ઉજવણી



**સંખેડા :** સંખેડા તાલુકા ખાતે વિકાસ સપ્તાહ અંતર્ગત કૃષિ વિકાસ અને રવિ કૃષિ મહોત્સવ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ સંખેડા તાલુકાના ધારાસભ્ય અભેસિંગભાઈ તડવી તેમજ તાલુકા પંચાયત પ્રમુખ દીપિકાબેન તડવી તેમજ મહાનુભવો. દ્વારા દીપ પ્રાગટ્ય કરી આવેલ મહેમાનોનું ફુલ ગુચ્છ દ્વારા સન્માન કરી કાર્યક્રમને આગળ વધારતા નાયબ બાગાયત નિયામક છોટાઉદેપુર ના એચએસ પરમારના હસ્તે લાભાર્થી ખેડૂતોને પેમેન્ટ ઓર્ડર તેમજ વર્ક ઓર્ડરનું વિતરણ કરી આભાર વિધિ કરી હતી અને મુખ્ય મંત્રી શ્રી ના સંવાદ વર્ચ્યુઅલ કાર્યક્રમ નિહાળીઓ છોટાઉદેપુર જિલ્લાના ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા અંગે આવેલ અતિથિઓ દ્વારા માર્ગદર્શન તેમજ સરકાર દ્વારા ખેડૂતલક્ષી વિવિધ યોજના તેમજ સહાય યોજનાઓ અંગેની વિસ્તૃત સમજ આપવામાં આવી હતી.

### સાવલી ભીમનાથ મહાદેવના કેમ્પસમાં વિકાસ સપ્તાહ નિમિત્તે રવિ કૃષિ મહોત્સવનું આયોજન



**સાવલી :** સાવલી ભીમનાથ મહાદેવ મદિરે રવિ કૃષિ મહોત્સવ નું આયોજન કરવામાં આવ્યું હતું આ પ્રસંગે વિવિધ નિષ્ણાતો એ બાગાયતી ખેતી અને પ્રાકૃતિક ખેતી પર પ્રકાશ પાડ્યો હતો અને તેના દ્વારા ખેત પેદાશો માં વિકાસ અને વૃદ્ધિ કેવી રીતે થઈ શકે છે તેની વિસ્તૃત જાણકારી આપી હતી બાગાયતી ખેતી અને પ્રાકૃતિક ખેતી આધારિત ખેતી કરવાની અપીલ કરવામાં આવી હતી અને વિવિધ ૧૫ જેટલા સોલર લાઇન ડિપાર્ટમેન્ટ નું અને વિવિધ પ્રકારના ખેતીવાડીના વિવિધ ઓજારો ના શો નું પ્રદર્શન કરવામાં આવ્યું હતું અને ખેતી વૈજ્ઞાનિકો દ્વારા ખેતી વિષયક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું અને ત્યારબાદ સહાયના ચેકોનું હાજર મહાનુભાવો દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાવલી ધારાસભ્ય સાવલી મામલતદાર, પ્રાંત અધિકારી, સાવલી નગર પાલિકા પ્રમુખ સહિત અનેક મહાનુભાવો હોદેદારો હાજર રહ્યા હતા.

### બ્રિજની પેરાફિટ પણ સાવ તૂટેલી હાલતમાં જોવા મળતા વાહનચાલકોમાં ભયનો માહોલ

# નસવાડી તાલુકાના સિંધીકુવા ગામ પાસે બ્રિજની અવદશાથી અકસ્માતનું જોખમ

(પ્રતિનિધિ) નસવાડી, તા.14
નસવાડી તાલુકાના સિંધીકુવા ગામ પાસે નર્મદા નિગમ ની માલિકીનો નેશનલ હાઈવે 56 ઉપર નાનો બ્રિજ આવેલ છે તે જર્જરિત અવસ્થા માં છે જ્યારે બ્રિજ ની પેરાફીટ પણ તૂટેલી હાલત માં છે આ બ્રિજ ગમે ત્યારે બેસી જાય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.



બનાવની વધુ વિગત પ્રમાણે નસવાડી તાલુકા માંથી મેઈન રોડ ઉપર થી નર્મદા ની બ્રાન્ચ કેનાલો પસાર થાય છે ત્યાં નર્મદા નિગમ અને નેશનલ હાઈવે 56 વિભાગ દ્વારા અલગ અલગ જગ્યાઓ ઉપર નાના બ્રિજ બનાવામાં આવેલા છે અને રોડ ક્રોસિંગ કરવામાં આવેલ છે જ્યારે નસવાડી તાલુકાના સિંધીકુવા ગામ પાસે નર્મદા ની બ્રાન્ચ કેનાલ પસાર થાય છે નસવાડી બોડેલી છોટાઉદેપુર હાઈવે આ બ્રાન્ચ કેનાલ ઉપર થી પસાર થાય છે અને ત્યાં નાનો બ્રિજ નેશનલ હાઈવે 56 વિભાગ દ્વારા બનાવેલ છે તેની પેરાફિટ તૂટેલી હાલત માં છે જ્યારે બ્રિજ ની ગુણવત્તા ચકાસવામાં આવી નહીં 20 વર્ષ ના ઉપરાંત સમય થી પાણી માં બ્રિજ નું સ્ટકચર રહે છે ત્યારે નેશનલ હાઈવે 56 વિભાગ દ્વારા અને નર્મદા નિગમ દ્વારા આ બ્રિજ ની કોક્રેટ ની હાલત કેવી છે તેની ચકાસણી કરી નથી ત્યારે પેરાફિટ તૂટેલી છે તેને પણ રિપેર કરવામાં આવતી નથી નેશનલ હાઈવે 56 વિભાગ ના અધિકારીઓ કાળજી લેતા નથી તેઓના કારણે ચાર બ્રિજ બંધ કરવાની નોબત આવી અને આ એક માત્ર રસ્તો બોડેલી જવા માટે ચાલુ છે આ નાના બ્રિજ માં કોઈ નુકશાન થાય તે પહેલા અધિકારીઓ એ આનું રિપેરિંગ કરાવવું જોઈએ હાલ તો જિલ્લામાં નેશનલ હાઈવે 56 વિભાગ ના અનેક માર્ગો બંધ છે જેનાથી લોકો જેનાથી લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે.

# નસવાડીમાં APMC દ્વારા ચાલતુ હાટ બજાર બંધ કરાવો

**ગ્રામ** પંચાયત દ્વારા કલેક્ટરને રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) નસવાડી, તા.14
નસવાડી તાલુકાની સાંકળ (ત) જૂથ ગ્રામ પંચાયત દ્વારા જૂના તણખલા ગામે હાટ બજાર ચલાવવામાં આવે છે જ્યારે સરકાર દ્વારા ત્રણ કરોડ થી વધુ ના ખર્ચે હાટ બજાર બનાવવામાં આવતા હાલ ત્યાં ગુરુવાર ના રોજ હાટબજાર ભરાય છે આનું સંચાલન સાંકળ (ત) જૂથ ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવે છે ગ્રામ પંચાયત ને હાટ બજાર ની આવક શરૂ થતા ગ્રામ પંચાયત ની સદ્ધરતા વધી હતી ત્યારે એપીએમસી ના સત્તાવાળાઓ તેઓના કમ્પાઉડન માં શનિવાર ના રોજ હાટબજાર શરૂ કરવાનું નક્કી કરતા એક નાના ગામ માં અઠવાડિયા માં બે હાટબજાર ભરાય તો બન્ને હાટબજારો માં લોકો આવતા મૂંઝાઈ છે બીજી તરફ એપીએમસી નું ગ્રાઉન્ડ બજાર ની વચ્ચોવચ છે અને હાટબજાર ત્યાં ભરાઈ તો લોકો ને મુશ્કેલી પડે ટ્રાફિક જામ ની સમસ્યા સર્જાય ત્યારે સરકારે પણ હાટ બજાર બનાવી ને ગ્રામ પંચાયત ને સંચાલન કરવા માટે આપ્યું હોય ત્યારે એપીએમસી ના સત્તાધિશો ગ્રામ પંચાયત ને હેરાન કરવા માટે નવું હાટબજાર શરૂ કરતા સાંકળ (ત) જૂથ ગ્રામપંચાયત ના સરપંચ અને સભ્યો ભેગા મળી જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી ને લેખિત માં રજૂઆત કરી છે જ્યારે એપીએમસી ના સત્તાધિશો એપીએમસી માં જે કામગીરી કરવાની છે તે કરતા નથી અને આવી રીતના ગ્રામ પંચાયત નો વિકાસ રૂંધાઈ તેવા પ્રયત્નો કરે છે જેને લઈને તણખલા ગામના વેપારીઓ માં પણ રોષ ફેલાયો છે

# છોટાઉદેપુર દ્વારા ટીબી જનજાગૃતિ અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયો

**આરોગ્ય** વિભાગ સાથે સામુદાયિક જાગૃતિ લાવવા માટે જનભાગીદારી નોંધાવવા હાકલ કરી



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.14
છોટાઉદેપુર સ્થિત નારાયણ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત બાબા દેવ ડિપ્લોમા સેનેટરી ઈન્સ્પેક્ટર તથા નારાયણ નર્સિંગ કોલેજ ના વિદ્યાર્થીઓ માટે આજે જિલ્લા ક્ષય છોટાઉદેપુર દ્વારા ટીબી જનજાગૃતિ અભિયાન ના ભાગરૂપે સેમિનાર યોજાયો હતો જેમાં જિલ્લા ક્ષય કેન્દ્ર છોટાઉદેપુર ખાતે થી વાલસિંગભાઈ રાઠવા તથા વિનોદભાઈ વણકર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓ ને ટીબી રોગના લક્ષણો તપાસ અને સારવાર વિશે વિસ્તૃત જાણકારી આપી હતી તેમને જણાવ્યું હતું કે ટીબી એક ગંભીર બીમારી છે પરંતુ નક્કી કરવામાં આવેલ સમયની નિયમિત રીતે સારવાર લેવાથી તે નિશ્ચિત પણે મટી શકે છે ટીબી રોગની સારવાર લઈ રહેલા દર્દીઓ ને સરકાર દ્વારા વિનામૂલ્યે તપાસ અને સારવાર ઉપરાંત ટીબી નું દર્દી સારવાર દરમિયાન પૌષ્ટિક આહાર લઈ શકે તે માટે સરકાર દ્વારા તેમના બેંક એકાઉન્ટ માં દર મહિને રૂપિયા એક હજાર રૂપિયા જેટલી રકમ જમા કરાવવા માં આવે છે. આ સેમિનારમાં પૂર્વ રેલ રાજ્યમંત્રી નારણભાઈ રાઠવા ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ ટીબી રોગના દર્દીઓ ને સમુદાય માં થી વહેલી તકે શોધી કાઢી ટીબી કાર્યક્રમ અંતર્ગત ઉપલબ્ધ સેવાઓ થકી સાજા કરવામાં આરોગ્ય વિભાગ સાથે સામુદાયિક જાગૃકતા લાવવા માટે જનભાગીદારી નોંધાવવા હાકલ કરી હતી.

# પાદરા પાલિકા દ્વારા સ્વછોત્સવ પખવાડિયા અંતર્ગત સફાઈ કામદારોનું સન્માન

**કામદારોને** સેફ્ટી કીટ અને પ્રમાણપત્ર આપવામાં આવ્યુ



(પ્રતિનિધિ) પાદરા, તા.14
પાદરા નગર પાલિકા દ્વારા સ્વચ્છતા હિ સેવા અંતર્ગત 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી ઉજવાયેલા સ્વછોત્સવ પખવાડિયા દરમ્યાન ઉત્કૃષ્ટ કામગીરી કરનાર સફાઈ કામદારો તથા વિવિધ સ્પર્ધામાં વિજેતા વિદ્યાર્થીઓનું સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પાદરા ચોકસી કે.કે. ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે આયોજિત કાર્યક્રમમાં નગર પાલિકાના વિવિધ સમિતિઓના ચેરમેન, સભ્યો તેમજ ચીફ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે પાદરા નગર ભાજપ પ્રમુખ, મહામંત્રી અને હોદેદારો પણ હાજર રહ્યા હતા. સફાઈ કર્મચારીઓએ પખવાડિયા દરમિયાન ઉત્કૃષ્ટ કામગીરી કરી હતી, જેના બદલામાં તેમને સેફ્ટી કીટ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમ દરમિયાન "સ્વછતા હિ સેવા" અભિયાન અંતર્ગત શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓ – નિબંધ લેખન, વકૃત્વ, રંગોળી અને સ્વચ્છતા રેલી –માં ભાગ લીધો હતો. વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમ દ્વારા સ્વચ્છતા પ્રત્યેની જનજાગૃતિ અને સહભાગિતાને પ્રોત્સાહન મળી રહ્યું છે તથા સફાઈ કર્મચારીઓના મહત્વપૂર્ણ યોગદાનને માન્યતા અપાઈ છે.

# બોડેલી APMC ખાતે 'રવિ કૃષિ મહોત્સવ યોજવામાં આવ્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા.14
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી એપીએમસી માર્કેટ ખાતે 'રવિ કૃષિ મહોત્સવ' અન્ન અને નાગરિક પુરવઠા રાજ્યકક્ષાના મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.આ પ્રસંગે રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ભીખુસિંહજી પરમારે જણાવ્યું કે,પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી નેતૃત્વમાં કૃષિ ક્ષેત્રે હરણફાળ ભરી રહ્યા છે અને આજે ભારત દેશમાં એટલું અનાજ પાકે છે કે આપણે અન્ય દેશોમાં અનાજ એક્ષ્પોર્ટ કરીએ છીએ. ગુજરાતમાં ઉમરગામથી અંબાજી સુધીના ખેડૂતો સિંચાઈ અને અનેક



યોજનાઓ લાભ મેળવી ખેડૂતો પુષ્કળ અનાજનું ઉત્પાદન કરી રહ્યા છે. વધુમાં તેમણે પ્રકૃતિક કૃષિની વાત કરતા જણાવ્યું કે, ખેડુતોની આવક બમણી કરવા અને લોકો સ્વસ્થ, નિરોગી જીવન જીવે તે માટે રસાયણિક ખેતી છોડી દરેક ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે અહવાન કર્યું હતું.

# ક્યુપિડ લિમિટેડને મહારાષ્ટ્ર સ્ટેટ એક્સપોર્ટ એવોર્ડમાં સન્માનિત કરાઈ

વડોદરા : વડોદરા - ક્યુપિડ લિમિટેડ, (BSE - 530843, NSE - CUPID), ભારતની અગ્રણી મેન્યુફેક્ચરર તેમજ પ્રીમિયમ હેલ્થકેર અને વેલનેસ પ્રોડક્ટ્સની નિકાસકારને એ જાહેરાત કરતા ગર્વ થઈ રહ્યો છે કે તેને મહારાષ્ટ્ર સ્ટેટ એક્સપોર્ટ એવોર્ડ સમારોહ 2025માં તેના ઉત્કૃષ્ટ નિકાસ પ્રદર્શન માટે માન્યતા આપવામાં આવી છે. મહારાષ્ટ્ર સરકાર દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત કાર્યક્રમ સોમવાર, 13 ઓક્ટોબર, 2025ના રોજ સવારે 10:00 વાગ્યે તાજ લેન્ડ્સ એન્ડ, બાંદ્રા (પશ્ચિમ), મુંબઈ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં મહારાષ્ટ્રની ગ્લોબલ ટ્રેડ લીડરશીપમાં અસાધારણ યોગદાનને સ્વીકારીને, શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા નિકાસકારોનું સન્માન કરવામાં આવ્યું.

### પાવડા ગામના સામાજિક કાર્યકર રાહુલ પરમારનો આક્રોશ

# સરકારની જમીન પરથી દબાણ દૂર ન કરાય તો આમરણાંત ઉપવાસની ચીમકી

(પ્રતિનિધિ) પાદરા, તા.14
પાદરા તાલુકાના પાવડા ગામના યુવા સામાજિક કાર્યકર રાહુલભાઈ દશરથસિંહ પરમારે સરકારી જમીન પર ચાલતા ગેરકાયદેસર કબજાઓ સામે સખત વલણ અપનાવતા વહીવટી તંત્રને ચેતવણી આપી છે કે જો કાર્યવાહી નહીં થાય તો તેઓ 16 ઓક્ટોબરથી પાદરા મામલતદાર કચેરી સમક્ષ આમરણાંત ઉપવાસ પર બેસશે.રાહુલ પરમારએ તારીખ 3 ઓક્ટોબર, 2025ના રોજ વડોદરા જિલ્લા કલેક્ટર, નાયબ કલેક્ટર તેમજ પાદરા મામલતદારને લેખિત અરજી આપી હતી. તેમાં જણાવ્યા મુજબ, પાવડા ગામના સર્વે નંબર 403, કુલ ક્ષેત્રફળ 113-95-99 ચો.મી. ની જમીન શ્રીસરકારના નામે છે.

છતાં વર્ષોથી ગામના કેટલાક "માથાભારે ઈસમો" આ સરકારી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવી ખેતી કાર્ય કરી રહ્યા છે. રાહુલ પરમારએ વધુમાં આક્ષેપ કર્યો છે કે આ જમીનમાં પશુપાલકો પોતાના ઢોર ચરાવવા જાય છે ત્યારે કેટલાક લોકોએ ગેરકાયદેસર મંડળીઓ બનાવીને પશુપાલકોને અટકાવવાનો પ્રયાસ કર્યો છે, જેના કારણે ગામમાં તણાવનું વાતાવરણ ઊભું થતું જાય છે.

આ રજૂઆત બાદ મદદનીશ કલેકટર અને સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, વડોદરાએ પાદરા મામલતદારને પત્ર ક્રમાંક જમીન /393/2025 તારીખ 16/9/2025થી સત્વરે કાર્યવાહી કરવા આદેશ આપ્યો હતો. પરંતુ રાહુલ પરમારના જણાવ્યા અનુસાર હજી સુધી કાર્યવાહી હાથ ધરાઈ નથી.